## એલ્વિસ પ્રેસ્લીની વિરાસતનો પ્રશ્નઃ
# આખરે આપણે પાછળ શું છોડીને જઈએ છીએ?

અમેરિકા, યુરોપ અને અન્ય પશ્ચિમી દેશો આવતા વર્ષે પોપ્યુલર સંગીતના મહાનતમ કલાકારોમાંના એક એલ્વિસ પ્રેસ્લીની 50મી જન્મજયંતીની ઉજવણી માટે થનગની રહ્યા છે. તેમની યાદમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે અને દુનિયા ફરી એક વાર 'કિંગ ઑફ રોક ઍન્ડ રોલ'ના સંગીત અને વારસાને યાદ કરવા જઈ રહી છે.

જો ભારતમાં કોઈને પૂછવામાં આવે કે એલ્વિસ પ્રેસ્લી કોણ, તો કદાચ દરેક વ્યક્તિ તરત જવાબ ન આપી શકે. પરંતુ પોપ્યુલર મ્યુઝિકની દુનિયામાં એલ્વિસ પ્રેસ્લીનું નામ ન સાંભળ્યું હોય એવી વ્યક્તિ દુનિયામાં ભાગ્યે જ હશે. એલ્વિસ માત્ર અમેરિકાનો જ એક ગાયક નહોતો. તે વીસમી સદીની આધુનિક સંસ્કૃતિના સૌથી મોટા ચહેરાઓમાંનો એક હતો. તેનો અવાજ, તેની હેરસ્ટાઇલ, તેનો પહેરવેશ, સ્ટેજ પરની તેની અદા અને તેનો ડાન્સ, આ બધાએ સંગીતની દુનિયાને એક નવી દિશા આપી હતી. તેને 'કિંગ ઑફ રોક ઍન્ડ રોલ' કહેવામાં આવ્યો હતો અને તેનો પ્રભાવ માત્ર સંગીત પૂરતો સીમિત રહ્યો નહોતો; ફિલ્મો, ફેશન અને લોકપ્રિય સંસ્કૃતિ પર પણ તેની ઊંડી અસર પડી હતી. તેણે 33 ફિલ્મોમાં કામ કર્યું હતું અને દુનિયાભરમાં તેના રેકોર્ડની એક અબજથી વધુ નકલો વેચાઈ હતી. એક વ્યક્તિએ પોતાના જીવનકાળમાં એટલી ખ્યાતિ અને સંપત્તિ મેળવી હતી કે તેનું નામ જ એક બ્રાન્ડ બની ગયું હતું.

પરંતુ એલ્વિસની કહાનીનો એક રસપ્રદ અધ્યાય તેના મૃત્યુ પછી શરૂ થાય છે. 16 ઑગસ્ટ, 1977ના રોજ જ્યારે એલ્વિસનું અવસાન થયું ત્યારે તેની ઉંમર માત્ર 42 વર્ષની હતી. તે પાછળ તેનું સંગીત, તેની ખ્યાતિ, તેનું ઘર 'ગ્રેસલેન્ડ' અને એક એવી વિશાળ સંપત્તિ છોડી ગયો હતો, જે આવનારી પેઢીઓને વારસામાં મળવાની હતી.

તેનું અવસાન થયું ત્યારે એલ્વિસની કુલ સંપત્તિ લગભગ 50 લાખ ડોલર હતી. આજના હિસાબે તે 2.65 કરોડ ડોલર થાય. એલ્વિસ પ્રેસ્લી એન્ટરપ્રાઇઝ નામની કંપની તેના ગ્રેસલેન્ડ ટુરિઝમ, મર્ચેન્ડાઇઝ અને ગીતોની રોયલ્ટીમાંથી દર વર્ષે કરોડો ડોલર કમાય છે. એલ્વિસની વસિયત મુજબ તેની સંપત્તિનો લાભ તેના પિતા વર્નન, દાદી મિની મે અને તેની એકમાત્ર પુત્રી લિસા મેરીને મળવાનો હતો. પરંતુ પિતા અને દાદીના અવસાન પછી લિસા મેરી તેની સંપત્તિની એકમાત્ર વારસદાર બની. આ વારસો એક ટ્રસ્ટમાં રાખવામાં આવ્યો હતો અને 1993માં, જ્યારે લિસા મેરી 25 વર્ષની થઈ, ત્યારે તેને આ વારસાનો અધિકાર મળ્યો. અહીંથી કહાની થોડી અણધારી બની જાય છે. આપણે ઘણી વાર એવું માની લઈએ છીએ કે જે વ્યક્તિએ કરોડો રૂપિયા કે અઢળક સંપત્તિ કમાઈ હોય, તેના મૃત્યુ પછી તેના પરિવારને કાયમ માટે આર્થિક સુરક્ષા મળી જતી હશે. પરંતુ પૈસા કમાવવા અને પૈસા જાળવી રાખવા, એ બંને એક જ બાબત નથી. મોટી સંપત્તિ હોવી અને તેને સંભાળવાની ક્ષમતા હોવી, બે અલગ બાબતો છે.

એલ્વિસના કિસ્સામાં પણ આવું જ બન્યું. 13.8 એકરમાં ફેલાયેલું તેનું ભવ્ય એસ્ટેટ ગ્રેસલેન્ડ માત્ર એક વૈભવી ઘર નહોતું, પરંતુ તેની ખ્યાતિ અને વિરાસતનું પ્રતીક હતું. તેની જાળવણી, સંપત્તિનું સંચાલન અને બીજી નાણાકીય જવાબદારીઓએ એલ્વિસ પછીની પેઢી માટે આ વિરાસતને જાળવી રાખવાનું કામ એટલું સરળ રહેવા દીધું નહોતું.



**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

એલ્વિસના મૃત્યુ પછી તેની સંપત્તિની આર્થિક સ્થિતિ તેની પ્રસિદ્ધિ જેટલી મજબૂત નહોતી. તેની પત્ની પ્રિસિલા પ્રેસ્લીએ પાછળથી જણાવ્યું હતું કે ગ્રેસલેન્ડને જાળવી રાખવા માટે તેને ટુરિઝમ માટે ખોલવાનો નિર્ણય લેવો પડ્યો હતો. 1982માં ગ્રેસલેન્ડ સામાન્ય લોકો માટે ખોલવામાં આવ્યું અને ધીમે ધીમે તે માત્ર એક ખાનગી ઘર ન રહ્યું; એલ્વિસની વિરાસતના સૌથી મહત્વપૂર્ણ પ્રતીકોમાં તેનું રૂપાંતર થયું.

એટલે કે એલ્વિસે માત્ર એક ઘર જ પાછળ છોડ્યું નહોતું. તેણે એક એવી સ્મૃતિ પાછળ છોડી હતી, જેને આગામી પેઢીએ સાચવવાની હતી. અને પછી આ કહાની ત્રીજી પેઢી સુધી પહોંચી. લિસા મેરી પ્રેસ્લીનું 2023માં અવસાન થયું. તેના પછી તેની પુત્રી રાઈલી કીઓએ તેની સંપત્તિ અને એલ્વિસ



સાથે જોડાયેલી વિરાસતની જવાબદારી સંભાળી. લિસા મેરીની સંપત્તિને લઈને તેની માતા પ્રિસિલા અને પુત્રી રાઈલી વચ્ચે કાનૂની વિવાદ પણ ઊભો થયો, જે અંતે સમાધાનથી પૂરો થયો. રાઈલીને તેની માતાની સંપત્તિની એકમાત્ર ટ્રસ્ટી બનાવવામાં આવી અને તેની નાની બહેનોના ટ્રસ્ટની પણ જવાબદારી સોંપાઈ.

હવે રાઈલી સામે માત્ર સંપત્તિનો પ્રશ્ન નથી. તેની સામે એક નામ છે–Presley. એક ઘર છે–Graceland. એલ્વિસનાં કપડાં, પુરસ્કારો, ફર્નિચર, કારો અને અંગત વસ્તુઓ જેવી હજારો યાદો છે. અને તેનાથી પણ ઉપર, કરોડો લોકોની નજરમાં જીવતી એક વિરાસત છે. આ સ્થિતિ આપણને એક બહુ મોટો સવાલ પૂછવા માટે મજબૂર કરે છે; "આખરે આપણે પાછળ શું છોડીને જઈએ છીએ?" લિસા મેરી પ્રેસ્લીનું દુઃખદ અને અકાળ અવસાન આપણને એ હકીકતની યાદ અપાવે છે કે આપણામાંથી કોઈને ખબર નથી કે આપણું મૃત્યુ ક્યારે, ક્યાં અને કેવી રીતે થશે. પરંતુ આપણે આપણા મૃત્યુ પછી શું અને કેવી રીતે પાછળ છોડી જઈશું, તેના આયોજન પર ચોક્કસપણે નિયંત્રણ રાખી શકીએ છીએ. સુવિચારપૂર્વક કરવામાં આવેલું એસ્ટેટ પ્લાનિંગ આપણામાંથી દરેક વ્યક્તિ જે અનિશ્ચિતતાઓનો સામનો કરે છે, તેમાંની કેટલીક અનિશ્ચિતતાઓને દૂર કરી શકે છે. તે તમને અને તમારા સ્વજનોને મનની શાંતિ આપી શકે છે અને ભવિષ્ય માટે વધુ સુવ્યવસ્થિત તૈયારી કરવામાં મદદરૂપ થઈ શકે છે.

એલ્વિસે સંપત્તિ છોડી. લિસા મેરીએ એ સંપત્તિ વારસામાં મેળવી. તેના મૃત્યુ પછી એ જ વારસો કાનૂની પ્રશ્નો, ટ્રસ્ટ, માલિકી અને દાવાઓમાં ફસાયો. આપણે આખી જિંદગી સંપત્તિ ઊભી કરીએ છીએ. પરંતુ આપણા ગયા પછી એ સંપત્તિ માત્ર વારસો નથી રહેતી, તે જવાબદારી પણ બની શકે છે. એટલે પ્રશ્ન માત્ર એ નથી કે આપણે શું કમાઈને જઈશું; પ્રશ્ન એ પણ છે કે આપણે પાછળ શું વ્યવસ્થિત રીતે છોડીને જઈશું. એલ્વિસના કિસ્સામાં બીજો પણ એક મુદ્દો છે. તેણે અઢળક

**આપણે આપણા વર્તનની એક રીત, આપણા વિચારોનો એક પ્રકાશ, આપણા પ્રેમની એક સ્મૃતિ અને આપણી સંવેદનશીલતાની એક છાપ ચોક્કસ છોડી શકીએ છીએ**

પૈસા કમાયા. સંપત્તિ છોડી. ગ્રેસલેન્ડ છોડ્યું. પરંતુ તેનો સૌથી મોટો વારસો કદાચ આમાંથી કોઈ એક વસ્તુ નથી. તેની સાચી અસર એ લોકોમાં છે, જેમણે તેનું સંગીત સાંભળ્યું, તેનાથી પ્રેરણા લીધી, તેની શૈલી અપનાવી અને પછી સંગીતની નવી પેઢીઓને પ્રભાવિત કરી. એટલે સવાલ એ નથી કે 'મારા મૃત્યુ પછી મારી સંપત્તિ કોને મળશે?' સવાલ એ છે કે 'મારા મૃત્યુ પછી મારામાંથી શું જીવતું રહેશે?'

આપણે કદાચ આપણાં બાળકોને આપણું બેન્ક બેલેન્સ આપી શકીએ કે ન પણ આપી શકીએ. કદાચ મોટું ઘર આપી શકીએ કે ન પણ આપી શકીએ. કદાચ આપણા નામે કોઈ સ્મારક ઊભું થાય કે ન પણ થાય. પરંતુ આપણે આપણા વર્તનની એક રીત, આપણા વિચારોનો એક પ્રકાશ, આપણા પ્રેમની એક સ્મૃતિ અને આપણી સંવેદનશીલતાની એક છાપ ચોક્કસ છોડી શકીએ છીએ. આખરે મૃત્યુ પછી આપણી અલમારી કોણ સંભાળશે, એ આપણા હાથમાં નથી. આપણી સંપત્તિનો ઉપયોગ કોણ કરશે, એ પણ હંમેશા આપણા નિયંત્રણમાં નથી. પરંતુ આપણે જીવન દરમિયાન બીજા લોકો સાથે કેવો વ્યવહાર કર્યો હતો, તેની અસર આપણા ગયા પછી પણ રહી શકે છે. કદાચ એટલે જ જીવનની સૌથી મોટી સંપત્તિ એ નથી, જે આપણે આપણા નામે એકઠી કરીએ છીએ, પરંતુ એ છે, જે આપણે બીજાના જીવનમાં જમા કરતા જઈએ છીએ. એલ્વિસ પ્રેસ્લીએ દુનિયાને ઘણું આપ્યું. પૈસા અને સંપત્તિ તેમના પરિવાર સુધી પહોંચ્યાં. ગ્રેસલેન્ડ આજે પણ ઊભું છે. પરંતુ તેની સૌથી મોટી વિરાસત કદાચ એ કરોડો લોકોની યાદમાં છે, જેના માટે તેમનું સંગીત આજે પણ જીવંત છે. કદાચ જીવનની સાચી વિરાસતનો હિસાબ બેન્કમાં નથી થતો. તે લોકોની યાદોમાં લખાય છે.

## ઈશિતાનું અલકમલક

### બંદાને બાદશાહ બનાવે તેનું નામ ખુદા !



બહુ જૂની અને જાણીતી એક ઉક્તિ છે કે 'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ'. આ વાત અનેક દેશોમાં જુદા જુદા શબ્દોમાં કહેવતરૂપે રજૂ થતી રહે છે પણ એ બધા એક જ વાત વ્યકત કરે છે કે 'ખુદા જો ખુશ થાય તો એ બંદાને બાદશાહ પણ બનાવી દે'(ક્યારેક એ બેવકૂફ પણ બનાવી દે!) હમણાં જ ત્રણેક કિસ્સા 'ઈશિતા'ની જાણમાં આવ્યા છે. આમ તો પહેલી નજરે એને એકબીજા સાથે કોઈ સીધો સંબંધ નથી છતાં જાણવા જેવા ખરા..

પહેલો કિસ્સો છે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ ગામનો. અહીં કાશ્મીરા શેખ નામની મુસ્લિમ પરિવારની એક ગૃહિણી રહે. સામાન્ય -ગરીબ પરિવાર. જરી-ભરતકામ કરીને પરિવારનું પેટિયું ભરે, થોડા દિવસ પહેલાં પંજાબ નેશનલ બેન્કની એક શાખામાં ગઈ. અહીં એક સરકારી યોજના અનુસાર એના ખાતામાં ગેસ સિલિન્ડરની સબસીડીની રકમ જમા થાય તો એ રકમ આવી છે કે નહીં એની તપાસ કરવા એ બેન્કમાં પહોંચી તો એના સહિત બેન્કનો સમસ્ત સ્ટાફ આશ્ચર્યથી અવાક થઈ ગયો કારણ કે કાશ્મીરાના ખાતામાં 99,99,99,997 રૂપિયા બોલતા હતા! આવી જંગી રકમ રૂપિયા 99 કરોડ, 99 લાખ - 99 હજાર 997 ક્યાંથી - કઈ રીતે જમા થઈ ગઈ એની પૂરી તપાસ કરવા બેન્કે કાશ્મીરાનું ખાતું ફ્રીઝ-સ્થગિત કરી દીધું છે જેમાં આ ગરીબ બાઈની ગેસ સિલિન્ડરની સબસીડીની રકમ પણ અટવાઈ ગઈ છે!

લાગે છે કે પશ્ચિમ બંગાળમાં આજકાલ ઉપરવાળો ખુદા આ જ રીતે કૃપાવાન બની રહ્યો છે. કોલકાતામાં કિચન સર્વિસ ચલાવતી એક બંગાળી બહુદી (ભાભી) નૂપુર દાસના બેન્ક અકાઉન્ટમાં અચાનક કયાંકથી ૪૭ કરોડ રૂપિયા જમા થઈ ગયા પછી એની તપાસ પણ ચાલી રહી છે. આવી જંગી રકમ કોઈના ખાતામાં બેન્કની કોઈ ટેક્નિકલ ખામીથી ટ્રાન્સફર થઈ જાય છે કે પછી કોઈ સાયબર ફ્રોડ ગેન્ગવાળાનો મની લોન્ડરિંગનો આ કોઈ ખેલો છે એની તપાસ પણ 'ઈડી'વાળા કરી રહ્યા છે.

ખુદાની આવી મહેરબાની કયારેક બીજી રીતે પણ જોવા મળે.

જૂનાગઢના એક પરિવારે ઘરનાં જૂનાં ગાદલાંને પીંજીને એને ફરી સીવવાનું કામ ત્યાંના જીકરભાઈ પરમાર નામના અનુભવી પિંજરને આપ્યું. જીકરભાઈએ ગાદલું ખોલ્યું તો એમાંથી સોનાનાં ઘરેણાં સરકીને બહાર આવ્યાં! પિંજારાભાઈએ એ દાગીના ગાદલાના મૂળ મલિકને સોંપી દીધા. એમના બાપા-દાદાએ કદાચ વારસદારોને કહ્યા વગર એ સોનાનાં ઘરેણાં ગાદલામાં છુપાવી રાખ્યાં હશે. આ રીતે અનાયાસ મળી આવેલા ૮ તોલાનાં એ ઘરેણાંની કિંમત આજના ભાવે રૂપિયા ૧૨ લાખ ગણાય. નસીબમાં હોય તો વારસાનો દલ્લો આ રીતે પણ મળે!

આ બન્ને કિસ્સા તો આપણા દેશના છે, વિદેશમાં ય ગૉડ રાજી થાય તો ત્યાં પણ એ કૃપા વરસાવે. બેલ્જિયમનો આ કિસ્સો જાણવા જેવો છે. અહીં એક જૂના મકાનના ભોંયતળિયાને હટાવી ત્યાં મજૂરો સિવેજ - ગટર માટે નવી લાઈન નાખી રહ્યા હતા. ગટર માટેનું ખોદકામ ચાલું હતું ત્યાં અચાનક ત્યાં કામ કરતા કેટલાક મજૂરોની નજર પીળા ચળક્તા રંગની ધાતુના કેટલાક ટુકડાઓ પર પડી. ત્યાં વધુ ખોદકામ કર્યું તો જથ્થાબંધ સોનાના સિક્કા અને ગોલ્ડન બિસ્કુટ મળી આવ્યાં! નિયમ મુજબ સત્તાવાળાને આની જાણ કરવામાં આવી, એ દલ્લાનું મૂલ્યાંકન થયું તો એ ખજાનો આશરે ૮૫ કરોડનો છે!

ત્યાંના સરકારી નિયમ મુજબ ખજાનો હાલ સરકારની તિજોરીમાં જમા રહેશે. એના મૂળ માલિકની શોધ થશે. જો પાંચ વર્ષ દરમિયાન માલિક નહીં મળે તો આ ૮૫ કરોડના સોનાના ખજાનાની શોધ કરનારા મજૂરોની ટીમને એ સરખે ભાગે વહેંચી દેવામાં આવશે!

### છીંકને સેક્સ સાથે શું લાગે- વળગે ?!



ઘણું બધું...! આવો સવાલ અને એનો જવાબ સાંભળીને કોઈ પણ ચકરાવે ચઢી જાય. કોઈને સતત 'હાં..ક છીં હાં..ક છીં' કરતાં જોઈને તમને સહેજે પેલા પ્રત્યે સહાનુભૂતિ થાય કે 'બાપડાને સખ્ત શરદી થઈ લાગે છે.' આમેય આજકાલ ખરાબ મોસમ અને પ્રદૂષણને કારણે ઠેર ઠેર શરદીના વાયરા છે.

એ તો છે પણ ન ધાર્યું હોય એવી વાત કે ઘટનાનું પૃથક્કરણ કે પછી અંગ્રેજીમાં કહીએ તો પોસ્ટમોર્ટમ કરીને અવનવાં તારણ કાઢવાનાં કામમાં કેટલીક વ્યક્તિ એવી નિષ્ણાત હોય છે કે તમે ન ધાર્યાં હોય એવાં તારણ એ કાઢી દેખાડે.

આ છીંક અને શરદીની વાત લઈને કલ્પી ન શકાય એવું વિચિત્ર તારણ લંડન ઓક્સફર્ડની 'જૉન રેડલીફ હૉસ્પિટલ'ની રિસર્ચ ટીમે કાઢ્યું છે. આ ટીમના વડા ઈએનટી સ્પેશ્યાલિસ્ટ ડૉ. મહમૂદ ભુત્તો કહે છે કે કેટલાક લોકોને સેક્સને લગતા સતત વિચારોની ઉત્તેજનાના પરિણામે ઉપરાછાપરી છીંક આવે છે!

આ પ્રકારના સંશોધન પાછળ એક દરદીની છીંક -કથા કારણભૂત છે. ડૉ. ભુત્તો પાસે આવેલો એક દરદી સતત છીંક ખાતો હતો. એને શરદી જેવું પણ ખાસ નહોતું એટલે એની છીંકનું કારણ શોધવા ડૉકટરે એની ઊંડી તપાસ આદરી તો પેલા દરદીએ વાતવાતમાં સ્વીકાર્યું કે એ જયારે પણ સેક્સ વિશે વધુ ઉત્કટતાથી વિચારે છે ત્યારે એને છીંક આવવાની શરૂ થઈ જાય છે! આ મુદ્દો નોંધીને ડૉ. ભુત્તોની રિસર્ચ ટીમે છીંક અને સેક્સ વચ્ચે કડી શોધવાનો યત્ન કર્યો તો એમને આવા સંખ્યાબંધ દર્દીના કિસ્સા મળી આવ્યા, જેના પરથી ડૉ. ભુત્તોએ છીંક-સેકસ વચ્ચેનો સંબંધ શોધી કાઢીને એનાં તારણ હમણાં જાહેર કર્યાં છે. એમાં એમ પણ ઉમેર્યું છે કે આ છીંક - સેક્સનો 'રોગ' વારસાગત પણ હોઈ શકે! હવે આવો ચેપ લગાડે એ શરદી-સેક્સનું સંશોધન કેટલા અંશે ખરું એ તો રામ જાણે અને સતત 'હાં..ક છીં હાં..ક છીં' કરનારો જ જાણે...!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» હમણાં જ ૨જી ઓકટોબરે આપણે હોંશે હોંશે ૧૫૭મી ગાંધીજયંતી ઉજવી. બાપુને નિમિત્ત બનાવી આપણા નેતાભાઈઓએ દેશના 'વિકાસ'ની બેફામ વાતો કરી. ખરા ગાંધીવાદીઓએ દેશનું રાજકારણથી લઈને અર્થકારણની દશા જોઈને ખેદ વ્યકત કર્યો તો પ્રજા મૂક રહી. આ તો આપણા દેશનું ચિત્ર છે . બહાર - વિદેશોમાં ગાંધીજીને લોકો કઈ રીતે યાદ કરે છે એ માત્ર બે-ત્રણ વાક્યમાં જાણી લઈએ.
૧૦૦થી વધુ દેશોમાં મહાત્માની પ્રતિમા છે તો ૧૫૦થી વધુ દેશ દ્વારા ગાંધીજીની વિશેષ ટપાલટિકિટ બહાર પાડવામાં આવી છે!

» હવે યુ.કે એટલે કે યુનાઈટેડ કિંગડમ અર્થાત ગ્રેટ બ્રિટનના ભાગલા પડી રહ્યા છે. ઈંગ્લિશ મહારાણીના આ રાષ્ટ્ર બ્રિટનમાંથી સ્કોટલેન્ડ - વેલ્સ અને આયર્લેન્ડ જેવાં રાજ્ય છૂટાં પડી રહ્યાં છે ત્યારે જસ્ટ આપની જાણ સહજ કે જે રાષ્ટ્ર પર કયારેય સૂર્ય આથમતો નહતો એવા સંયુકત બ્રિટનનો સર્વપ્રથમ સત્તાવાર નકશો ૧૫૭૯માં પ્રગટ કરવામાં આવ્યો હતો.

### ઈશિતાની એલચી

**માત્ર એક પાંદડાની જરૂર હોય છતાં આખું લીલુંછમ્મ વન લાવી દે એનું નામ મિત્ર!!**



# ગાંધીજી અને Gen Z

**બીજી ઓક્ટોબરે Gen Z અને ગાંધીઝી, એટલે કે ગાંધીજી, ભેગા થઈ ગયા. સ્મરણદેહને બદલે તે સદેહે ભેગા થયા હોત તો તેમની વચ્ચે કેવો સંવાદ થયો હોત?**

બીજી ઓક્ટોબરે Gen Z અને ગાંધીઝી, એટલે કે ગાંધીજી, ભેગા થઈ ગયા. સ્મરણદેહને બદલે તે સદેહે ભેગા થયા હોત તો તેમની વચ્ચે કેવો સંવાદ થયો હોત?

(નોંધઃ વાચનની સરળતા ખાતર, 'Gen Z'ની વિશિષ્ટ બોલીને બદલે, સૌને સમજાય એવી સામાન્ય બોલી રાખી છે. અહીં Gen Z એટલે તેના પ્રતિનિધિ, એવું સમજવું.)

Gen Z: નમસ્કાર ગાંધીજી, તમને શું કહીને બોલાવીએ?

ગાંધીજીઃ જે કહેવું હોય તે કહેજો... પેલું 'એક કચોરી, દો સમોસા'વાળું કહો તો પણ વાંધો નથી. (હાસ્ય)

Gen Z: અચ્છા, એ તમારા સુધી પણ પહોંચી ગયું? વાઈરલ થયાને હજુ અઠવાડિયું પણ નથી થયું. તમે ઉપર રહ્યે રહ્યે સોશિયલ મિડીયા પર ધ્યાન રાખતા લાગો છો.

ગાંધીજીઃ સોશિયલ મિડીયા મેં સરદારને સોંપેલું છે. ધ્યાન રાખવાનું તેમને વધારે ફાવે છે. રહી વાત સૂત્રની. એ બહુ જૂનું છે ને તેમાં જે વલણની વાત છે, એ તો વળી એનાથી પણ વધારે જૂનું.

Gen Z: તો તમે પણ અમારી સાથે એ સૂત્ર બોલવામાં જોડાશો?

ગાંધીજીઃ (હસીને) તમને તો ખ્યાલ હશે જ કે હું સમોસા-કચોરી માટે નહીં, ઉપવાસ માટે જાણીતો હતો.

Gen Z: તમે ઉપવાસ કર્યા, એટલે અમારે પણ ઉપવાસ કરવા?

ગાંધીજીઃ એવું મેં કોઈને કહ્યું જ નથી. ઉપવાસ ન કરવાનું ઘણાને કહ્યું છે. તો પણ અન્ના હોય કે વાંગ્ચૂક, એ લોકો ઉપવાસ કરે છે ને એ વખતે લોકો મને યાદ કરે છે. શું થાય? મેં એવું ચોક્કસ કહ્યું હતું કે અન્યાય ચૂપચાપ વેઠવો નહીં. અન્યાયને તાબે થનાર અન્યાયનો ભાગીદાર બને છે.

Gen Z: મસ્ત ક્વોટ છે... ફરી બોલો તો. (બીજા મિત્રને) આ તો રીલમાં, બેનરમાં, મીમમાં--બહુ કામ લાગે એવું છે. (ગાંધીજીને) પણ અન્યાય ચૂપચાપ ન વેઠવો તો તેનો મુકાબલો શી રીતે કરવો?

ગાંધીજીઃ અહિંસક વિરોધ. હથિયારો હાથમાં લીધા વગરનો વિરોધ. મારી આશા ને અપેક્ષા તો એનાથી પણ વધારે હોય. હું તો શબ્દોની હિંસાની પણ સલાહ ન આપું.

Gen Z: પણ અમે સલાહ લેવાનું બહુ રાખ્યું જ નથી. એટલે જ, તમારી સાથે કશી ભારેખમ સિદ્ધાંતચર્ચાને બદલે, સીધીસાદી વાતચીત કરીએ છીએ.

ગાંધીજીઃ ...અને વાતો માટે હું હંમેશાં તૈયાર હોઉં છું. મારા કડકમાં કડક, આકરામાં આકરા ટીકાકારો સાથે પણ મેં સંવાદ કર્યો છે ને કદી આશા છોડી નથી. ગોડસે મને મળ્યો હોત તો મેં તેની સાથે પણ સંવાદ કર્યો હોત.

Gen Z: આ બધી એ જ ગેંગ છે. તેમને સીધી રીતે, પ્રેમથી કહીએ એ તો સમજાતું જ નથી.

ગાંધીજીઃ દરેકને પોતાના વિરોધી માટે એવું જ લાગતું હોય છે. છેવટે, સૌએ પોતાના અંતરનો રામ સુઝાડે એમ કરવું જોઈએ.

Gen Z: તમારો આ પ્રોબ્લેમ બહુ છે. તમે વાતવાતમાં રામ ને ઈશ્વર ને પ્રાર્થના ને એવું બધું લઈ આવો છો.

ગાંધીજીઃ એ મારી રીત હતી. તમે તમારી રીત અપનાવો. બસ, સત્ય નહીં છોડવાનું, હિંસા નહીં આચરવાની, વૃત્તિ શુદ્ધ રાખવાની અને બને તો સામેવાળા પ્રત્યે પણ સમભાવ રાખવાનો.

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**



Gen Z: તમે તો બહુ લાંબું લિસ્ટ આપી દીધું. એમાંથી કેટલું થશે, ખબર નથી. જોઈશું. પ્રયત્ન કરીશું. પણ તમને ખબર છે, તમે રામ-રામ કરતા હતા, તે રામની આ લોકોએ કેવી દશા કરી છે?

ગાંધીજીઃ એમાં પણ નવું નથી. તેમને વળી ઈશ્વરમાં શો રસ? તેમને અયોધ્યાના રામના નામે રાજકારણમાં રસ છે, જ્યારે મારો રામ દશરથપુત્ર રામ નથી. એ તો સૌના હૃદયમાં બિરાજમાન એવો ઈશ્વર છે. હું તેને રામ કહું છું, કોઈ ઈશુ કહે, કોઈ અલ્લા કહે...

Gen Z: તમે શાંતિ રાખો. કોઈ કેસરી ખેસવાળો સાંભળી જશે ને કોર્ટમાં કેસ-બેસ ઠોકી દેશે તો પેલા ઉમર ખાલિદ જેવું થશે. જેલમાં ખોસી દેશે, પછી કેસેય નહીં ચાલે ને જામીન પણ નહીં મળે. ને પાછો આરોપ લગાડશે ધાર્મિક લાગણી દુભાવવાનો.

ગાંધીજીઃ (હસીને) જેલની મને ક્યાં નવાઈ છે? હું તો રાજદ્રોહમાં પણ અંદર ગયેલો છું. મને જે લોકોના અને દેશના હિતની વિરુદ્ધનું લાગે, તે કરવાની ફરજ મને કાયદો પણ પાડી શકે નહીં.

Gen Z: તમે પિનલ કોડના જમાનાના માણસ છો. હવે તો ભારતીય ન્યાય સંહિતા આવી ગઈ છે. બીજું બધું તો છોડો, અહિંસક ઢબે, શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શનની પરવાનગી પણ હવે મળતી નથી.

ગાંધીજીઃ સત્તાનો એ નિયમ છે. જેટલી સત્તા વધારે, એટલી અસલામતી વધારે.

Gen Z: (સાથીદાર તરફ જોઈને, બીજી રીલમાં આ વાપરવાનો ઈશારો કરીને) બરાબર. પણ તેમની અસલામતી વધે, તેમાં તે આપણી પર જુલમ કરે, એવું શી રીતે ચલાવી લેવાય?

ગાંધીજીઃ ન જ ચલાવી લેવાય. બસ, તેનો વિરોધ કરવામાં અસત્ય કે હિંસાનો પ્રયોગ નહીં કરવાનો અને આપણાથી કોઈ ચૂક થાય તો ખરા દિલથી માફી માગી લેવાની, પણ લડાઈ છોડવાની નહીં.

Gen Z: અમે તો સાંભળેલું કે તમે બહુ બોરિંગ ને ઢીલા માણસ છો, પણ તમે તો બહુ સ્પષ્ટતાથી વાત કરો છો. અભિપ્રાયો પણ આપો છો. તમારી બધી વાતો ન પણ સ્વીકારીએ, તો પણ તમને ફરી મળવાનું મન થાય એવું છે.